ફો.કેસ.નં. ૭૧૦૮/૨૦૧૪

**<u>આંક – ૧ નીચે હુકમ</u>**

**(૧) ફરીયાદી અને સાહેદને સાંભળ્યા. પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધુ. આ કામે લોક અદાલતનાં સમન્સ/નોટીસ પક્ષકારોને કાઢતા ફરીયાદી તેમજ સાહેદ કે જેઓ વાહનનાં માલીક છે તે અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરીયાદી અને સાહેદે હાલની પુરસીસથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરુધ્ધનો ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર પુરસીસ તેઓને વાંચી, સંભળાવી, સમજાવતા સ્વેચ્છાએ કબુલ–મંજુર રાખેલ છે.**

**(૨) ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસના સમન્સ બજયો ન હોય અથવા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરુધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ ? આ કોર્ટનાં ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.**

**૧. વાય.બી.બેજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૦૮, ક્રિ.લો.જ. ૯૨૮**

**૨. યેસુદાસ અને બીજા વિ. સબ–ઈન્સ્પેકટર ઓફ પોલીસ કલ્લામસરીઅ બીજા ક્રિ. લો.જ. ૧૨૯૦**

**૩. સદર ઓથોરીટીમાં નામ. કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે.**

**(એ) ક્રિ.પો.કોડની કલમ–૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય ક્રિયા છે અને તે દ્વિપક્ષીય ક્રિયા નથી.**

**(બી) ક્રિ.પો.કોડની કલમ–૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનની અરજી સદર કલમનાં કોઠાની કોલમ નં. ૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.**

**(સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.**

**(ડી) ક્રિ.પો.કોડની કલમ–૩૨૦ મુજબની કોમ્પોઝીશનની અરજી ધ્યાને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.**

**(ઈ) ક્રિ.પો.કોડની કલમ–૩૨૦ માં ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટ ગુનાનું સંજ્ઞાન લેતા પહેલા ઈનવેસ્ટીગેશનનાં સ્ટેજ પર થઈ શકે.?**

**(૩) આમ ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લીધા.** વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના CIRCULAR NO:C.2619/16 Date:05/07/2016.**સદર સિધ્ધા**ંત **મુજબ ક્રિ.પો.કોડની કલમ–૩૨૦ મુજબનો ગુનો કમ્પાઉન્ડ (દરગુજર–માફ) કરવા માટે માફ કરવાની પુર્સીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી. તેથી હાલની પુર્સીસ સ્વીકારવાને પાત્ર છે તેમજ ફરીયાદીની હકીકતને ધ્યાને લેતા જો પુર્સીસ ગ્રાહય રાખી કેસ ફેસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ હિતને નુકશાન થતુ હોય તેમ જણાતુ નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરીણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતુ નથી અને ફરીયાદી અને સાહેદે સ્વૈચ્છીક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુર્સીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**– : હુકમ : –**

**(૧) આરોપી** રાજેશભાઈ પ્યારઅલી(૨)સલીમ ફીરોજ અલી જીવાણી ના**ઓને ક્રિ.પો.કોડની કલમ–૩૨૦(૧)(૨)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કો. કલમ ૩૭૯ નાં ગુન્હાના તહોમત માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

**(૨) મુદામાલ સાહેદને પરત મળી ગયેલાનું જણાવતા હોય મુદામાલ અંગે આ અગાઉ કરેલ વચગાળાના હુકમ આથી બિનશરતી કાયમ કરવામાં આવે છે.**

**આરોપીનાં જામીનખત અપીલ સમય વીત્યેથી રદ ગણવા.**

અમદાવાદ

**તા.** ૧૩/૭/૨૦૧૯

[T. A. Bhadja]
6th Addl. Civil Judge&J.M.F.C.
Ahmedabad (Rural)
GJ01399